

# કૃપા અને કર્મ

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

એક વાર એક સત્સંગના કાર્યક્રમમાં મહાત્મા પ્રવચન કરી રહ્યા હતા. વચમાં જ એક સત્સંગીએ પ્રશ્ન પૂછયો કે મહારાજ, કૃપા મહત્ત્વની કે કર્મ? મહારાજે કહ્યું કે કૃપા અને કર્મ આમ તો એક સાથે જ કાર્યરત થાય છે. પણ કર્મ આગળ ચાલે છે. કૃપા કર્મની પાછળ પાછળ ચાલે છે.

કૃપા અને કર્મને સમજવાનો પ્રયાસ કરીએ. કૃપા એટલે ઇશ્વરનો કે કોઇ સિદ્ધ પુરુષનો કે સદગુરુનો વ્યકિત પર અનુગ્રહ. આ અનુગ્રહ વ્યક્તિને સન્માર્ગે લઇ જાય છે. આધ્યાત્મિકતાને અભિમુખ બનાવે છે. પણ સન્માર્ગ કાર્ય કરવાથી માનવતાપૂર્ણ જીવન વ્યવહારથી શોભે છે. આધ્યાત્મિકતાને અભિમુખ બનવાથી ચોક્કસ પ્રકારનાં સત્કાર્યો કરવાની આવશ્યકતા છે. કરીએ તો વ્યક્તિનું સદાચરણ, પવિત્રતા તેનું કર્મ બને છે ને એ કર્મને આધારે ઇશ્વરની કૃપા મેળવે છે એટલે ઈશ્વરની કૃપા મેળવવા સદાચરણ, સચ્ચાઈ, પવિત્રતા જરૂરી છે. એ બહુ મોટું કાર્ય-કર્મ બને છે.

ઉપાસના સંદર્ભમાં વાત કરીએ તો સૌ પ્રથમ તો આપણે એ યાદ રાખવું જોઈએ કે આપણે જો એમ સમજતાં હોઇએ કે હું તો ખૂબ ભક્તિ કરું છું તો તે આપણી બહુ મોટી ભૂલ છે. કારણ કે આપણે જે કંઇ જપ ધ્યાન વગેરે કરીએ છીએ તે ઇશ્વરની શક્તિથી, ઇચ્છાથી કરીએ છીએ. તેમ છતાં વ્યક્તિની ઈશ્વરસ્મરણ કરવાથી ભીતરી અભીપ્સા, રસ, રુચિને પ્રભાવે અને પ્રતાપે તે ઈશ્વરસ્મરણ કરી શકે છે. જીવનમાં આપણે જ્યારે ઈશ્વરસ્મરણનું સાતત્ય જાળવીએ છીએ ત્યારે ઇશ્વરની સદગુરુની કૃપા પ્રાપ્ત

> આપણે એ યાદ રાખવું જોઇએ કે આપણે જો એમ સમજતાં હોઇએ કે હું તો ખૂબ ભક્તિ કરું છું તો તે આપણી બહુ મોટી ભૂલ છે કારણ કે આપણે જે કંઇ જપ ધ્યાન વગેરે કરીએ છીએ તે ઇશ્વરની શક્તિથી, ઇચ્છાથી કરીએ છીએ

કારણ કે વ્યક્તિનું કાર્ય કર્મ બને છે. હવે જીવનમાં જ્યારે સાત્ત્વિકતા આવે છે ત્યારે વ્યક્તિનું મન, વચન, કર્મ પવિત્ર બને છે. માનવતાપૂર્ણ બને છે. સાત્ત્વિકતા,માનવતા, પવિત્રસભર જીવન ઈશ્વરને પ્રિય બને છે. જીવનમાં સાત્ત્વિકતાસભર માનવતા ઈશ્વરની , સદગુરુની કૃપા પ્રાપ્ત કરાવે છે પણ એ કૃપા પ્રાપ્ત કરવા કર્મ જ જરૂરી છે.

હવે આધ્યાત્મિકતા -ઉપાસના સંદર્ભમાં વાત કરીએ તો આધ્યાત્મિક અભિગમ માનવ જીવનને સ્વસ્થ, શાંત, સુખી અને સમૃદ્ધ બનાવે છે.

કારણ કે અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં જે સાત્ત્વિક શ્વાસો ભળે છે તે ઈશ્વર સુધી પહોંચે છે. દા.ત. વ્યક્તિ કોઈ વિકટતામાં, વિષમતામાં અટવાયો હોય પણ તેમાં તેની કોઈ પણ ત્રુટિ ન હોય, તે કેવળ કોઈકના ષડયંત્રનો ભોગ બન્યો હોય તો તેનું ઈશ્વરીય સ્મરણ તેને બળ આપે છે એટલું જ નહીં, વ્યક્તિની સચ્ચાઇ ઈશ્વરની, સદગુરુની કૃપા મળવા પાત્ર બને છે કારણકે વ્યક્તિ જે સંજોગોનો શિકાર બની છે તે ષડયંત્ર ઈશ્વરથી અજાણ નથી પણ એમાં કર્મની વાત થાય છે. આ કૃપાના પ્રતાપે અને પ્રભાવે વ્યક્તિના જીવનમાં સાત્ત્વિકતા, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને નિરોગી સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે.ઈશ્વરસ્મરણ વ્યક્તિને તેજસ્વી અને દિવ્ય શક્તિથી સંપન્ન બનાવે છે.

અહીં કર્મનો આ ને આવો પ્રભાવ ને પ્રતાપ મળે છે. એટલે અહીં પેલા મહાત્માએ કહ્યા પ્રમાણે કર્મ જ આગળ આગળ ચાલે છે.

એ કર્મની પાછળ પાછળ કૃપા શિરછત્ર બની ચાલે છે. જીવનમાં આપણે ઘણી વાર અનુભવીએ છીએ કે વિકટ સંજોગો આપણે ખૂબ સરળતાથી સહેલાઈથી પાર કરી જઈએ છીએ અથવા એમાંથી બહાર નીકળવાનો આપણને માર્ગ મળે છે. કોઈક સંકેત મળે છે અને વિકટતા-વિષમતા આપણી પાસેથી પસાર થઇ જાય છે એની આપણને ખબર પણ પડતી નથી. આ કૃપા છે પણ એની ઉપર એની આગળ આપણું કાર્ય-કર્મ જ આપણામાં અનોખી ગતિ પ્રેરે છે. ઈશ્વર આપણને સતત સત્કાર્યો કરવાની પ્રેરણા અને શક્તિ આપે એ જ અભ્યર્થના કરવી રહી.

# શરણાગતનો તારણહાર

ધર્મ મર્મ
શ્રીજીવ વ્યાસ



'બ્રહ્મા હરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર'- દત્ત બાવની. બ્રહ્મા,હરિ એટલે વિષ્ણુ, હર.એટલે શંકરના અવતાર. નારદ મુનિ વિરચિત આદૌ બ્રહ્મા, મધ્યે વિષ્ણુ, અંતે દેવ સદાશિવ, મૂર્તિત્રય સ્વરુપાય દત્તાત્રેય નમોઃ સ્તુતે.

દત્તાત્રેયનો અવતાર અજ્ઞાનના બંધનોમાંથી છૂટવા ઈચ્છનારને છોડાવવા માટે છે. તે ગુરુ અવતાર છે. જ્ઞાન વિગ્રહ છે. ભક્તો પોકારતા વહારે દોડે છે. શ્રી દત્ત એ કોઈ સંપ્રદાય નહીં પણ સમ્યક, સમન્વયાત્મક વિચારધારા છે અને જ્યાં સુધી પૃથ્વી પર મનુષ્યમાં અજ્ઞાન રહેશે ત્યાં સુધી દત્તઅવતારોનું અસ્તિત્વ રહેશે. દેવોમાં માત્ર દત્તાત્રેયને જ ગુરુની ઉપમા મળી છે. દત્તાત્રેય જ વિશ્વ ગુરુ છે. કળિકાળના જાગૃત દેવ ગણાતા દત્તાત્રેયની માગશર સુદ પૂનમે દત્ત જયંતિ ઉજવાય છે.

અવધૂત દત્તાત્રેય મહર્ષિ અત્રિના પુત્રોમાંના એક હતા. અત્રિ અને મહાસતી અનસૂયાના પ્રખર તપ થી તેમને પુત્રરૂપે પ્રાપ્ત થયા. અત્રિએ બ્રહ્માજી ની આજ્ઞા માની કર્દમ પ્રજાપતિ અને દેવહૂતિની પુત્રી તથા કપિલદેવની બહેન અનસૂયા સાથે લગ્ન કર્યા. તેઓની તપસ્યા અને તીવ્ર સાધનાથી, પતિવ્રતા ધર્મથી પ્રસન્ન થઈ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણે તેમની સામે પ્રગટ થયા. ધ્યાન સમાધિમાં મગ્ન દંપત્તિને તેઓના આગમનની ખબર પડી નહીં. આખરે ત્રિદેવે તેઓના અંતરમનમાં પ્રવેશ કરી જાગૃત કર્યા. ત્રિદેવને જોઈ અત્રિ અનસુયા ને ખૂબ જ પ્રસન્નતા થઈ. દેવોએ કહ્યું,' અમે તમારી તપસ્યાથી પ્રસન્ન થયા છીએ. તમારા બંનેની અભિલાષા પૂર્ણ કરવા અમે ત્રણે આપના પુત્રના રૂપમાં પ્રગટ થઈશું.' થોડા સમય બાદ અત્રિ અને અનસૂયાને ત્યાં પુત્રરૂપે પ્રગટ થયા. શંકરના અંશ થી દુર્વાસાજી, બ્રહ્માના અંશથી ચંદ્રમા અને વિષ્ણુના અંશ થી દત્તાત્રેય (જેમણે પોતે જ પોતાનું દાન કર્યું) એથી દત્તાત્રેય કહેવાયા. જેમની સંકલ્પ શક્તિથી જગતની સૃષ્ટિ સ્થિતિ અને પ્રલય થાય છે તે જ ત્રિદેવે અત્રિ અનસુયાની પ્રેમ ભક્તિને આધીન થઇ તેમના ઘેર જન્મ લીધો.

યથાસમયે તેમનો ઉપનયન સંસ્કાર થયો, ગુરુકુળમાં વેદાધ્યયન કર્યું એ પછી દુર્વાસાજી ઋષિ થયા. ચંદ્રમા ગ્રહ બન્યા અને દત્તાત્રેયે તો તત્વજ્ઞાનના ઉપદેશ માટે જ અવતાર લીધો હતો. તેથી તેમણે સંપ્રદાય અને ગુરુ મર્યાદાની રક્ષા કરવા માટે સર્વજ્ઞ હોવા છતાં પણ મહર્ષિભૃગુનું શરણ લીધું ત્યાં તેમને સંપૂર્ણ મંત્ર રહસ્ય અને ઉપાસનાનું શિક્ષણ આપ્યું. ભગવાન વિષ્ણુના અંશ એવા દત્તે તેની માયાથી લીલાઓ કરી.

નીર-ક્ષીર વિવેકથી ગુણગ્રાહી બની ચોવીસ ગુરુઓમાંથી વિવિધ ગુણોનું જ્ઞાન મેળવ્યું. દત્તાત્રેયે આઠ ગુરુ- કુદરતી તત્વો-પૃથ્વી, આકાશ,વાયુ, જળ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર. પાંચ ગુરુ- માનવ સૃષ્ટિમાંથી-બાળક, કુમારીકા, વારાંગના, મધ એકઠું કરનાર અને કબાડી.

અગિયાર ગુરુ- પશુ, પક્ષી,જંતુની સૃષ્ટિમાંથી- કબુતર, ગીધ, અજગર, સાપ, પતંગિયું, ભમરો, હાથી, હરણ, માછલી, કરોળિયો, કુંજર પક્ષી. પૃથ્વી અને અજગર પાસેથી સહનશીલતા શમ,દમ શીખી મળેલું પ્રારબ્ધ ભોગવતા. જળ પાસે પરિસ્થિતિ પ્રમાણે જીવનને ઢાળતા, આકાશ પાસે સર્વ વ્યાપી બ્રહ્મમય જીવન, અગ્નિ પાસે નકામી વસ્તુ મનમાં બાળી મૂકી, ચાર આત્મતત્વ યથાવત સાચવતા, વાયુ પાસે જીવનમાં નિર્લેપપણાનો ગુણ, સૂર્ય પાસે તપો તેજથી આંખની દ્રષ્ટિ માત્રથી લાભ આપવાનું, ચંદ્ર પાસે મનની શીતળતા, સમુદ્ર પાસે વિશાળ દિલ, મધમાખી પાસે સંગ્રહખોરી નહીં કરવી, ભમરો, માછલી, પતંગિયા, હાથી, હરણ પાસે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ સુખમાં ડૂબી ન જવું. સાપ,કુમારિકા ના કંકણ પાસે એકાંત, વારાંગના પાસે નિરાશામાં અમર આશા તત્વ રહે છે.

દત્તાત્રેયે અલર્ક, ભગવાન પરશુરામ, ભક્ત પ્રહલાદ, યદુ રાજા, સહસ્ત્રાર્જુન વગેરેને તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. તેમના ઉપદેશ અનુસાર જીવન જીવનાર જિજ્ઞાસુ મુમુક્ષુઓનું પરમ કલ્યાણ થાય છે. દત્તાત્રેયે અનસૂયા માતાને કહેલું કે, 'અમે ત્રણ

> અવધૂત દત્તાત્રેય મહર્ષિ અત્રિના પુત્રોમાંના એક હતા. અત્રિ અને મહાસતી અનસૂયાના પ્રખર તપથી તેમને પુત્રરૂપે પ્રાપ્ત થયા

જુદા નથી. સત રજસ અને તમો ગુણ બધા જ અમારામાં છે. સકળ ઐશ્વર્ય સંપન્ન સર્વ સત્તાધીશ છીએ. ઈન્દ્ર, વરુણ, યમ, વાયુ વગેરે પણ અમને આધીન છે. અનન્ય અપાર શક્તિ ધરાવતા શ્રી દત્ત ભગવાનનું સામર્થ્ય અદ્દભુત છે. માનવ કલ્યાણ કરનારા ભક્તો ઉપર અપાર કૃપા વરસાવનારા છે. સ્મરણ માત્રથી સંતોષ પામનાર અને ભક્તોની વહારે દોડનારા એવા દત્ત ના ગુણોનું વર્ણન દત્ત મહામાલા મંત્રમાં પણ છે. સ્મરણ માત્રે સંતુષ્ટાય, મહાભય નિવારણાય, ભવબંધન વિમોચનાય, અસાધ્ય સાધનાય, સર્વ દુઃખ, પીડા, ભય, ગ્રહબાધાનું નિવારણ દત્ત ભક્તિથી થાય છે. ગુરુ દત્તાત્રેયના સોળ અવતાર થયા છે. દત્ત સંપ્રદાયની વિશેષતા એ છે કે તેની વિચારધારાની શ્રદ્ધાના બળે દત્ત અવતારી અનેક સંતો જગતને મળ્યા છે અને મળતા રહેશે.- ઈદં ન મમ.

# સાર્થક જીવન જીવવાની ચાવી ભગવદ્ ગીતા

સર્વકાલીન, સર્વોપયોગી,નિત્ય નવીન શ્રીમદ્ ભગવદ્ ગીતા ભગવાન શ્રીકૃષ્ણની વાંઙમય મૂર્તિ છે. ભગવાનના સ્વમુખે નિસરેલી દિવ્ય વાણી છે.જે સર્વ શાસ્ત્રોનો સાર છે.મહાભારતના ભીષ્મ પર્વ 43/1 નો ભાવાર્થ એ છે કે,'ગીતા સુગીતા કરવા યોગ્ય છે. એટલે કે ગીતાજી ને બરાબર વાંચીને અર્થ તેના ભાવ સહિત અંતઃકરણમાં ધારણ કરવી જોઈએ.જે સ્વયં પદ્મનાભ શ્રી વિષ્ણુના મુખમાંથી નિસરી છે. બીજા બધા શાસ્ત્રોના વિસ્તારથી શું હેતુ સરવાનો?'. ગીતાજીના નિત્ય પઠન,મનન, ચિંતન અને તે અનુસાર આચરણ આ લોક અને પરલોક બંને લોકને કલ્યાણમય બનાવે છે.

જીવનની એવી કોઈ સમસ્યા નથી જેનું સમાધાન,ઉકેલ ગીતા થકી નહીં મળી શકે. ગીતા શ્રી કૃષ્ણએ ભલે અર્જુન સમક્ષ કહી હોય પરંતુ તે માત્ર અર્જુન માટે નથી કહી. જીવનમાં ઉદ્ભવતી વિકટ,વિષમ પરિસ્થિતિ વચ્ચે કેવી રીતે ટકી રહેવા સાથે સંજોગોનો મુકાબલો કરી બહાર આવવાનો ઉપાય બતાવે છે. ગીતામાં માત્ર ઊંડું તત્વજ્ઞાન જ નથી પરંતુ તેમાં બતાવેલા સિદ્ધાંત ઉપાયનું પ્રમાણિકતાથી આચરણ કરવામાં આવે તો આધિ,વ્યાધિ, ઉપાધિઓમાંથી મુક્તિનો માર્ગ મળે. શ્રીકૃષ્ણ કહે છે કે 'અહંકાર છોડીને નિષ્કામ ભાવથી કર્મ કરતા રહી મારું સ્મરણ કરતા રહેવાથી હું તને અવશ્ય પાપોથી મુક્ત કરીશ'.

ખરેખર કલ્યાણકાંક્ષી માનવીઓએ ગીતાનું નિત્ય પઠન કરતા રહેવું જોઈએ તે પણ શક્ય ન બને તો બુધવારે ગીતા જયંતી છે તો ગીતાજીના 11 માં અધ્યાય વિશ્વ રૂપ દર્શન યોગ અવશ્ય વાંચવો જેમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ના દૈવી ગુણોનું વર્ણન છે.ગીતા ધર્મગ્રંથ નથી પણ સાર્થક જીવન જીવવાનું માર્ગદર્શન પુરુ પાડે છે એટલે તેનો દેશ અને દુનિયાની અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે.દેશ-વિદેશની અનેક શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું છે.